ધર્મ અમારો એક માત્ર એ 'સર્વધર્મ સેવા' કરવી, ધ્યેય અમારું છે માનવતા, વિશ્વમહી એને ભરવી...

**રાજ્યમાં વધુ ૩૬૧ નવા કેસ : અમદાવાદમાં ૨૫૧ : ગાંધીનગરમાં ૦૭**

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૭૭ | ૨૭ મે, ૨૦૨૦, બુધવાર; જેઠ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ચીન સરહદે ભારત સૈન્ય વધારશે

**ભારત ચીનની તુલનાએ એલએસી પર સૈન્ય વધારવાનું ચાલુ રહેશે : રાજનાથ : સંરક્ષણપ્રધાન, સીડીએસ અને ત્રણેય આર્મીના ચીફ સાથે મહામિટિંગ**

**એલએસી પર ચીન જેટલી પોતાની તાકાતમાં વધારો કરશે તેટલું ભારતીય લશ્કરી ટીમમાં વધારો કરશે : આગામી વ્યૂહરચના પર વિસ્તૃત વિચારણા થઇ**

નવીદિલ્હી, તા. ૨૬ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે ચીફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવત અને ત્રણ સૈન્યના વડાઓ સાથે લદાખમાં એલએસી પર ચીન સાથે તણાવપૂર્ણ વાતાવરણમાં બેઠક યોજી હતી. આ બેઠકમાં એલએસીની જમીનની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી અને આગળની વ્યૂહરચના અંગે વિચારણા કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે મહામંત્રન ચાર કલાકથી વધુ સમય સુધી ચાલ્યું હતું જેમાં સંરક્ષણ પ્રધાને ચીન તરફથી સૈન્યની સંખ્યા વધારવા અંગેના ભારતના જવાબ માટે બ્લુપ્રિન્ટ આપી હતી. આ મહા મંથન દરમિયાન સ્પષ્ટ થઈ ગયું હતું કે યુદ્ધવિરામ માટેની વાટાઘાટો ચાલુ રહેશે, પરંતુ ભારતીય સૈન્ય તેની સાર્વભૌમત્વ સાથે કોઈ પણ પ્રકારનો સમાધાન કર્યા વિના ત્યાં પોતાનો હોદ્દો જાળવી રાખશે. બેઠકમાં એ પણ નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ વિસ્તારમાં રસ્તાના નિર્માણનું કામ ચાલુ રાખવું જોઈએ અને ચીન સામે ભારત તેની સૈન્ય દળ વધારવાનું ચાલુ રાખશે. એલએસી પર સ્થિતિને સામાન્ય બનાવવા માટે ભારતીય લશ્કર અને ચીનની

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વમાં કેસની સંખ્યા વધીને ૫૬ લાખથી ઉપર

**ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૩૧૫૯**

નવી દિલ્હી,તા.૨૬

દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઇ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. દુનિયાભરમાં કોરોનાના વાયરસનો કહેર હજુ પણ યથાવતરીતે જારી રહ્યો છે. અમેરિકા, રશિયા, સ્પેન, ઇટાલી, યુકે, ફ્રાંસ, જર્મની અને ભારત પણ બચી શક્યું નથી. વિશ્વભરમાં કોરોના વાયરસનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. ૨૧૦ દેશોમાં કોરોનાએ આતંક મચાવ્યો છે અને હવે વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કેસ દોઢ લાખને પાર

**૨૪ કલાકમાં ૬૫૦૦થી વધુ નવા કેસ : કોરોનાના કેસ વધીને ૧.૫૦ લાખથી વધુ : ૧૪૬ લોકોના મોત સાથે મૃત્યુઆંક ૪૧૭૨એ પહોંચ્યો : ૬૦,૪૯૧ દર્દીઓ કોરોનાને હરાવીને સ્વસ્થ્ય થયા : રિકવરી રેટ ૪૧.૬૦ ટકા**

ન્યુ દિલ્હી,તા.૨૬ શું ભારત હવે કોરોના મહામારીના જોખમકારક કોમ્યુનિટી સંક્રમણના ભયાનક ત્રીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે...? આ સવાલ એટલા માટે ચર્ચામાં છે કે દેશમાં દિવસે દિવસે કોરોનાના કેસો વધી રહ્યાં છે. ગઈકાલે અંદાજે ૭ હજાર બાદ છેલ્લાં ૨૪ કલાકમાં ફરીથી ૬ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. જો કે સત્તાવાળાઓ સંક્રમણના ખતરનાક ત્રીજા તબક્કાનો ઈંકાર કરી રહ્યાં છે. દેશભરમાં કોરોનાથી ૧,૪૫,૨૭૮ લોકો સંક્રમિત થયા છે અને ૪,૧૭૨ લોકોના મોત થયા છે. સાથે જ ૬૦,૭૦૬ લોકો સારવાર બાદ સાજા થયા છે. દેશભરમાં સૌથી વધારે ૫૨,૬૬૭ કેસ મહારાષ્ટ્રમાં છે અને મહારાષ્ટ્રમાં ૧,૬૯૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. તો બીજા નંબરે રહેલા તમિલનાડુમાં ૧૭,૦૮૨ કેસ સામે આવ્યા છે અને ૧૧૯ લોકોના મોત થયા છે. ૧૪,૪૬૮ સંક્રમિતો સાથે ગુજરાત ત્રીજા ક્રમે છે.

જોકે એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી દર ૪૧.૬૦ ટકા સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૫૩૫ નવા કેસ સાથે દેશભરમાં કોરોના વાયરસના સંક્રમણનો આંકડો ૧૪૫૩૮૦ સુધી પહોંચી ગયો છે. તેમજ છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૧૯ લોકો કોરોના સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

Vશાલ SUPER MARKET
અપના બજાર બિલ્ડીંગ, સેક્ટર-૬/એ, ગાંધીનગર Mo. 98242 77883
૫,૬,૭,૮ શિવાલય રેસીડેન્સી, કુડાસણ,ગાંધીનગર Mo. 9376277883
તલાલાની ૧૦૦% કાર્બાઈડ ફ્રી/નેચરલ
મીડીયમ ફળ કેશર કેરી
૧ બોક્સ વજન ૧૦ કિલો (આશરે)
● એક કેરીનું વજન આશરે ૨૫૦ ગ્રામ ● એક બોક્ષમાં ૪૦ થી ૪૨ કેરી
કાચી કેરી- રૂ. 680/-
બટાકા રૂ. 23/kg ● ડુંગળી રૂ. 13/Kg ● લીંબું રૂ. 40/Kg
ઘઉં (૧ કિલો) વાનગી રૂ.૨૭ ● બંસરી રૂ. ૨૮ ● ટેલીફોન રૂ. ૩૦
વેચાણ સમય : સવારની ૯-૦૦થી બપોરે ૩-૦૦

શત્ શત્ વંદન



પરમ પૂજ્ય ચુંદડીવાળા માતાજી

આપની અણધારી વિદાયથી અમે આઘાત અનુભવીએ છીએ...
પ્રસંગોપાત મળેલ આપના પરમ સાનિધ્યને સમસ્ત બ્રહ્મસમાજ
સદ્ભાગ્ય અને ગૌરવ માને છે... આપના આર્શીવાદ અને
માર્ગદર્શન અમારા સૌ માટે પ્રેરક બની રહેશે.
આપના પાવન આત્માને શત્ શત્ વંદન...

પિનાકીન એમ. રાવલ – પ્રમુખ | નરેશ એલ. દવે – મહામંત્રી | નરેન્દ્ર ટી. વ્યાસ – ખજાનચી
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર

શ્રીમતી ચંદ્રિકાબેન રાવલ – પ્રમુખ | શ્રીમતી જ્ઞાનદેવી ઉપાધ્યાય – મંત્રી | શ્રીમતી પ્રતિમાબેન ત્રિવેદી – ખજાનચી
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર મહિલા પાંખ

જયશ્રી ખેતિયા – પ્રમુખ | ક્રિશ્ના રાવલ – મંત્રી | મંથન ભટ્ટ – ખજાનચી
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પરિવાર

સ્મરણ વંદન



પરમ પૂજ્ય ચુંદડીવાળા માતાજી

હવે, આપ સ્વધામ પધાર્યા છો,
ત્યારે
આપનું સાનિધ્ય અમારા સ્મરણપટ પર
ચિરંજીવ બની રહેશે...
અને આજ
આપના આશીર્વાદ અમારા માટે
પ્રેરક અને પુરક બની રહેશે...
આપના પાવન આત્માને...
શત્ શત્ પ્રણામ

દેવેન્દ્રસિંહ ચાવડા
(જીગાબાપુ)
ચેરમેનશ્રી - સ્ટેન્ડીંગ કમિટી
ગાંધીનગર મહાનગરપાલિકા